सत्यमेव जयते

ચાર્જશીટ રજુ થયાની તારીખ / /
ચાર્જશીટ દાખલ થયાની તારીખ / /
ફેસલ થયાની તારીખ / /૨૦૧૮
અવધિ વર્ષ માસ દિવસ

## અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં (કોર્ટ નં.૧) ઘીકાંટા અમદાવાદ

ફોજદારી કેસ નંબર ૬૨૪૧૦/૧૫
આંક ________

ફરીયાદી શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી લાલુભાઈ કાળુભાઈ સોલંકી

---

ગુન્હો ઈપીકો કલમ ૨૮૩ મુજબ

---

// ઠરાવ //

૧. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩ મુજબનો ગુન્હો કરેલાનું ચાર્જશીટ તપાસ કરનાર અધિકારીશ્રીએ આરોપી વિરૂધ્ધ કરેલ છે.

૨. આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ, ત્યારબાદ આરોપીએ આજરોજ અદાલતમાં કોર્ટ સમક્ષ હાજર થઈ પ્રથમ તબક્કેજ ગુન્હા કબુલાતની પુરસીસ **આંક**____થી રજુ કરેલ છે. અને તેમાં જણાવેલ છે કે,તેઓનો આ પ્રથમ ગુન્હો છે તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ હોવાનું જણાવી કોર્ટ સમક્ષ દયાજી અરજ કરેલ છે, **આંક.**________થી આરોપીની ગુન્હા સબંધી પ્લી લેતાં તેમાં પણ તેમની સામે ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરેલ છે.

૩. આરોપીને ગુન્હાની ગંભીરતા અંગે સમજાવવામાં આવ્યા, તેમ છતાં આરોપી ગુના કબુલાતની હકીકતને વળગી રહેલ છે, જેથી આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરેલ હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. અગાઉ આરોપીએ આ પ્રકારનો ગુન્હો કર્યો હોય તેવું રેકર્ડ પરથી જણાઈ આવતું નથી. જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોઈ અને આરોપીને સુધરવાની તક મળી રહે તેમજ ભવિષ્યમાં તેઓ આ પ્રકારનું કૃત્ય નહી કરે તેવી કોર્ટ સમક્ષ ખાત્રી આપતા હોઈ આરોપીની સ્વૈચ્છીક કબુલાત લક્ષમાં લઈ ગુનેગારને તેના કૃત્યનો અહેસાસ થાય તે માટે નીચે મુજબ શિક્ષા કરતો હુકમ કરું છું.

## // હુકમ //

અ આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ રપર અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩ મુજબના ગુન્હામાં દોષીત ઠરાવી રૂા. ૨૦૦--(અંકે રૂપીયા ૨૦૦ પુરા)નો દંડ કરવામાં આવે છે. અને જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન ૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે

બ મુદ્દામાલ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૯ મી માહે ૯ સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૯ /૯/૨૦૧૮
સ્થળ :અમદાવાદ.

મોહંમદસલીમ હબીબખાન પઠાણ
(જીજે.૦૦૮૧૧)
એડી.ચીફ.મેટ્રો.મેજી.(કોર્ટ નં.૧)
ઘીકાંટા,અમદાવાદ